**ફોજદારી ઈન્કવાયરી નં.૭૦૦/૨૦૨૨**

હુકમ

ફરીયાદ તથા રજુ કરેલ દસ્તાવેજોની નકલો વંચાણે લીધીલફરિયાદીનુ વેરીફીકેશન વંચાણે લીધુ. ફરીયાદીએ અગાઉ મે.પોલીસ અધીક્ષકશ્રી  સમક્ષ બે વખત લેખીત ફરિયાદ કરેલ છે છતા કોઈ કાર્યવાહી ન થતા હાલની ફરીયાદ કરેલ હોવાની ફરિયાદ પક્ષની રજુઆત છે.ફરીયાદી સાથે વિશ્વાસઘાત,છેતરપીંડી,લુંટ,મારમારવાની,જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની ગંભીર હકીકતો ફરીયાદમાં જણાવેલ છે.ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલોમાં રજુઆત કરેલ છે કે આ ગુન્હો બન્યાની હકુમત બાબતે સિટી–એ ડીવી.,સીટી–બી ડીવી.દ્વારા તેઓની હકુમતમાં ગુન્હોબનેલ નથી તેવું જણાવી કોઈ કાર્યવાહી કરી નથી.આમ હકુમતના કારણોસર ગુનાની તપાસ ન થાય તે વ્યાજબી નથી.આથી સદર ગુન્હા સંદર્ભે સીટી–એ ડીવી.પોલીસ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૨ મુજબ ઇન્કવાયરી થાય તે યોગ્ય અને ન્યાયોચીત જણાય છે.આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૨ અનુસાર સીટી એ ડીવીઝન પો.સ્ટે.ના પી.એસ.આઈ. કક્ષાના અધીકારી દ્વારા સદર ફરીયાદ બાબતે તપાસ  કરવી તપાસમાં ગુન્હા કામે લુંટ થયેલ મુદામાલ,ગુન્હા ના કામે વપરાયેલ સાધનો વિગેરે નિયમોનુસાર પંચનામાં કરી,મુદામાલ કબ્જે લેવો,તથા તે અંગેનો રિપોર્ટ દિન–૧૫માં અત્રેની કોર્ટમાં કરવો.

–આંક–૧ તથા તે તળે થયેલ હુકમની નકલ સાથે સીટી–એ ડીવીઝન પો.સ્ટે. યાદી કરવી.

– હુકમ આજ તા–૦૫/૦૪/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તા**.૦૫/૦૪/૨૦૨૩** (ડી.બી.જોષી)

**જામનગર.** **આઠમાં અધિક ચીફ જયુડી.મેજી.**

**જામનગર.**